બહાઉદ્દીન વિજ્ઞાન કોલેજ,

જુનાગઢ

તા: ૧૫/૦૬/૨૦૧૨

## કાર્યાલય આદેશ:

સરકારશ્રી શિક્ષણ વિભાગ દ્વારા ગુજરાત રાજ્યની તમામ સરકારી કોલેજોમાં વિદ્યાર્થીઓના શિક્ષણનું સ્તર ઉચ્ચું જળવાઈ રહે તેમજ કોલેજ ઉતરોતર પ્રગતિ કરે તથા સ્ટાફના પ્રમોશન ગ્રેડ તથા વિદ્યાર્થીના શિસ્તના પ્રશ્નોનું નિરાકરણ થાય તેવા શુભ હેતુથી સરકારી તમામ કોલેજોમાં આઈ.કયુ.એ.સી.(INTERNAL QUALITY ASSURANCE CELL) ની રચના કરવાનું નક્કી થયેલ છે.

આ કોલેજમાં નીચે જણાવેલ સભ્યોની આઈ.કયુ.એ.સી. સમિતિની રચના કરવામાં આવે છે. તેમજ આ કમિટી હસ્તકની કાર્યવાહી પણ નીચે જણાવેલ વિગતે દર્શાવવામાં આવે છે.

## આઈ.કયુ.એ.સી. (કમિટી)

| ક્રમ | નામ | હોદ્દો | કમિટીમાં હોદ્દો |
|---|---|---|---|
| ૧. | ડો.આર.પી.ભટ્ટ | પ્રિન્સીપાલ | ચેરમેન |
| ૨. | ડો.એસ.જે.જોષી | વડાશ્રી ભૌતિકશાસ્ત્ર | કોર્ડીનેટર |
| ૩. | ડો.એમ.એમ.ચાવડા | વડાશ્રી રસાયણશાસ્ત્ર | સભ્ય |
| ૪. | ડો.એમ.એમ.જાની | વડાશ્રી બાયોલોજી | સભ્ય |
| ૫. | શ્રીમતી જે.બી.પરડવા | સીનિ. વ્યાખ્યાતા ગણિત | સભ્ય |
| ૬. | શ્રી એચ.ડી.કારીયા | હેડ ક્લાર્ક | સભ્ય |
| ૭. | શ્રી એમ.જી.ચાવડા | વાલી | સભ્ય |
| ૮. | શ્રી પી.ઝેડ.શેખ | વાલી | સભ્ય |
| ૯. | ભલાણી વિધિ એસ. | વિદ્યાર્થી | સભ્ય |
| ૧૦ | વ્યાસ મિતલ કે. | વિદ્યાર્થી | સભ્ય |

ઉપરોક્ત કમિટીની રચના કરવામાં આવે છે. આ કમિટીનું કાર્યક્ષેત્ર નીચે પ્રમાણે રહેશે.

૧. વિદ્યાર્થીઓના શિક્ષણ માટેના ગુણવતાના માપદંડો નક્કી કરવા.

૨. શૈક્ષણિક અને વહીવટી ગુણવતા માટેના માપદંડો નક્કી કરવા.

૩. શૈક્ષણિક કાર્ય માટે સુંદર વાતાવરણ ઉભું કરવું તેમજ વિદ્યાર્થીઓને ગુણવત્તાવાળું શિક્ષણ મળે અને સ્ટાફ સારી રીતે ફરજ બજાવે તે માટે સર્જનાત્મક વિચારો રજુ કરી અમલીકરણ કરવું.

૪. વિદ્યાર્થીઓ, સ્ટાફ સાથે સંકલન જળવાઈ રહે તેમજ વાલીઓ, વિદ્યાર્થીઓને જ્ઞાન ટેકનીકથી સરળ અને સમૃધ્ધ વાતાવરણ ઉભું કરી કોલેજની પ્રગતિ માટેનું કાર્ય કરવું.

૫. સમયાંતરે કોલેજના શૈક્ષણિક કાર્ય તથા વહીવટી કામગીરી માટે વાલીઓ અને વિદ્યાર્થીઓના ફીડબેંક મેળવવા અને આ ફીડબેંકમાં કોઈપણ ખામી જણાય તો તે દુર કરી ગુણવત્તા સભર શિક્ષણ જળવાઈ રહે તે માટેના પ્રયાસો કરવા.

૬. કોલેજમાં આંતરીક વર્કશોપ કે સેમીનારોનું આયોજન કરવું તથા સુપેરે પર પાડવું.

૭. ક્વોલીટી શિક્ષણનું ડોક્યુમેન્ટ તૈયાર કરવું તથા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા સમય-સંજોગો અનુસાર પ્રસારણ કરવું.

૮. કોલેજની સમગ્ર કામગીરી ગુણવત્તા સભર જળવાઈ રહે તે માટે આદર્શ પ્રક્રિયાઓ કરી દરેક ક્ષેત્રમાં અગ્રેસર રહે તેવા પ્રયત્નો કરવા.

૯. શૈક્ષણિક કામગીરી તથા વહીવટી કામગીરીનું આંતરિક ઓડીટ કરતાં રહેવું અને ઓડીટ થયા બાદ ફોલોઅપ લેતાં રહેવું.

૧૦. ઇન્સ્ટીટયુટ ડેવલપમેન્ટ માટેની જરૂરી પ્રક્રિયા કરવા સજ્જ રહેવું.

૧૧. AICHE ડેટા ભરવા અને દર વર્ષે અપડેટ કરવા.

૧૨. ગુણવત્તા શૈક્ષણિક ડેટા દર વર્ષે NAAC ની સાઈટમાં અપડેટ કરતાં રહેવા.

૧૩. ઈન્ટરનેટ કનેક્ટિવિટી(NMEICT)/બ્રોડબેન્ડ/વાઈફાઈનાં જોડાણ લઇ સમગ્ર વિદ્યાર્થીઓને લાભ મળે તે માટે પ્રક્રિયા કરવી.

૧૪. કોલેજોના જુદાં-જુદાં ફંકશનો/આયોજન કરી પૂર્ણ કરવા.

૧૫. એકેડેમિક સ્ટાફના સમયસર પ્રમોશન/ગ્રેડ માટેની નિયમોનુસારની કાર્યવાહી કરવી.

૧૬. આ સિવાય પ્રિન્સીપાલશ્રી/ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી અથવા તો યુ.જી.સી./રૂસા દ્વારા જે કંઈ નવી સૂચનાઓ મળે તેની કાર્યવાહી કરવી.

સમગ્ર કામગીરી સુપેરે પાર પડે તે માટે વર્ષમાં ઓછામાં ઓછી બે વાર કમિટીની બેઠક કરવી તથા આ બેઠકના એજન્ડા તમામ સદસ્યશ્રીઓને સમય મર્યાદામાં પહોચાડવા તથા બેઠક પૂર્ણ થયા બાદ થયેલ કાર્યવાહીની નોંધ (મીનીટસ) અદ્યતન રાખવી તેમજ મીનીટસની જાણ પણ તમામ સદસ્યશ્રીને કરતાં રહેવું.

આ આદેશનો તુરત જ અમલ કરવાનો રહેશે.

પ્રિન્સીપાલ
બહાઉદ્દીન વિજ્ઞાન કોલેજ
જુનાગઢ

**નકલ સવિનય જાણ થવા સારૂ:**

૧. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી,
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
ડો.જી.મ. ભવન, બ્લોક નં-૧૨,
ગુ.રા.ગાંધીનગર

**નકલ જાણ તથા અમલાર્થે:**

| | | |
|---|---|---|
| ૧. | ડો.આર.પી.ભટ્ટ | પ્રિન્સીપાલ |
| ૨. | ડો.એસ.જે.જોષી | વડાશ્રી ભૌતિકશાસ્ત્ર |
| ૩. | ડો.એમ.એમ.ચાવડા | વડાશ્રી રસાયણશાસ્ત્ર |
| ૪. | ડો.એમ.એમ.જાની | વડાશ્રી બાયોલોજી |
| ૫. | શ્રીમતી જે.બી.પરડવા | સીનિ. વ્યાખ્યાતા ગણિત |
| ૬. | શ્રી એચ.ડી.કારીયા | હેડ ક્લાર્ક |
| ૭. | શ્રી એમ.જી.ચાવડા | વાલી |
| ૮. | શ્રી પી.ઝેડ.શેખ | વાલી |
| ૯. | ભલાણી વિધિ એસ. | વિદ્યાર્થી |
| ૧૦ | વ્યાસ મિતલ કે. | વિદ્યાર્થી |

બહાઉદ્દીન વિજ્ઞાન કોલેજ,
જુનાગઢ
તા: ૧૮/૦૬/૨૦૧૨

પ્રતિ,
સભ્યશ્રીઓ તમામ,
આઈકયુએસી કમિટી,
આ કોલેજ

જય ભારત સાથ આપણી કોલેજને લગતી નીચે મુજબની બાબતોની ચર્ચા-વિચારણા, સૂચનો વિગેરે માટે આપણી આઈકયુએસી કમિટીની બેઠક તા: ૨૦/૦૬/૨૦૧૨ ના રોજ બપોરના ૧૬-૦૦ કલાકે આચાર્યશ્રીની ચેમ્બરમાં રાખવામાં આવેલ છે. જેમાં તમામ સભ્યશ્રીઓએ હાજર રહેવા વિનંતી.

કોર્ડીનેટર
આઈકયુએસી કમિટી
બહાઉદ્દીન વિજ્ઞાન કોલેજ
જુનાગઢ

## એજન્ડા:

૧. વિદ્યાર્થીઓના શિક્ષણ માટેની ગુણવતા માટે જરૂરી ચર્ચા વિચારણા.

૨. ક્વોલીટી શિક્ષણ માટેના વિચાર વિમર્શ.

૩. ઇન્સ્ટીટયુટ ડેવલપમેન્ટ માટેની ચર્ચા, સૂચનાઓ.

૪. ઈન્ટરનેટ કનેક્ટિવિટી માટે.

૫. આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૧૩ માટે પ્રવેશ અંગે તથા ટાઇમટેબલ અંગે.

બહાઉદ્દીન વિજ્ઞાન કોલેજ

જુનાગઢ

તા:૨૨/૦૬/૨૦૧૨

આપણી કોલેજમાં આઈક્યુએસી કમિટીની બેઠક તા: ૨૦/૬/૨૦૧૨ ના રોજ બપોરના ૪-૦૦ કલાકે મળેલ હતી. જેમાં નીચે જણાવેલ સભ્યશ્રીઓ હજાર-ગેરહાજર રહેલા હતાં.

| ક્રમ | નામ | હોદ્દો | હાજર કે ગેરહાજર |
|---|---|---|---|
| ૧. | ડો.આર.પી.ભટ્ટ | ચેરમેન | હાજર |
| ૨. | ડો.એસ.જે.જોષી | કોર્ડીનેટર | હાજર |
| ૩. | ડો.એમ.એમ.ચાવડા | સભ્ય | હાજર |
| ૪. | ડો.એમ.એમ.જાની | સભ્ય | હાજર |
| ૫. | શ્રીમતી જે.બી.પરડવા | સભ્ય | હાજર |
| ૬. | શ્રી એચ.ડી.કારીયા | સભ્ય | હાજર |
| ૭. | શ્રી એમ.જી.ચાવડા | સભ્ય | હાજર |
| ૮. | શ્રી પી.ઝેડ.શેખ | સભ્ય | હાજર |
| ૯. | ભલાણી વિધિ એસ. | સભ્ય | હાજર |
| ૧૦ | વ્યાસ મિતલ કે. | સભ્ય | હાજર |

ઉપરોક્ત તમામ સભ્યોની ઉપસ્થિતિમાં અગાઉ મોકલેલ એજન્ડા મુજબ નીચે જણાવેલ મુદ્દાઓની ચર્ચા થયેલ અને ચેરમેન તેમજ કમિટી દ્વારા મુદ્દા વાઈઝ નિર્ણયો થયેલા હતાં.

૧. વિદ્યાર્થીઓના શિક્ષણ માટેની ગુન્વતા માટે જરૂરી ચર્ચા વિચારણા.

- આ મુદ્દે દરેક ક્લાસરૂમમાં પ્રોજેક્ટરથી અમુક તાસ લેવાય અને તે માટે દરેક કલાસરૂમમાં પ્રોજેક્ટર જોડી શકાય તેવી વ્યવસ્થા કરવી.

વિદ્યાર્થીઓને દર અઠવાડીયે એક વખત જનરલ નોલેજનો પીરીયડ રાખી જી.કે.માં તૈયાર કરવા. અન્ય કોલેજોની ગુણવતાલક્ષી શિક્ષણની માહિતી મેળવી અમલીકરણ કરવું. વિદ્યાર્થીઓને ગુગલમાંથી આંતરરાષ્ટ્રીય અભ્યાસ વિષે માહિતગાર કરી તેમના વિષયોને અનુરૂપ સાહિત્ય મળી રહે તે માટે ગાઈડ કરવા તેવું સર્વાનુમતે નક્કી થયેલ.

૨. ક્વોલીટી શિક્ષણ માટેના વિચાર વિમર્શ.

- ક્વોલીટી શિક્ષણ માટે પાયામાંથી જ શિક્ષણનું સ્તર ઉચું આવે તેવા પ્રયત્નો કરવા જરૂર પડ્યે નાનકડો વર્કશોપ, સેમીનાર રાખવા. આંતરિક પરીક્ષાઓ લઈ ઉત્તમ શિક્ષણ માટે તૈયાર કરવા. શાળા અને કોલેજના વાતાવરણના ફર્કથી માહિતગાર કરવા.

તમારા જેવા જ વિદ્યાર્થીઓ હતાં તે અત્રે ક્યાં છે? તેવા નામાંકિત વૈજ્ઞાનિકો, પ્રાધ્યાપકો, ડોકટરો તથા ઇન્ડસ્ટ્રીયાલીસ્ટનાં નામો આપી ક્વોલીટી શિક્ષણ ઉપર ભાર મુકવો. પ્રાધ્યાપકે અપડેટ રહેવું તથા જે તે વિષયની છેલ્લામાં છેલ્લી શોધો, પ્રયોગો, અમલીકરણ વગેરે માહિતગાર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા તથા સમગ્ર આ વિગતોનું જ્ઞાન આપવું.

૩. ઈન્ટરનેટ કનેક્ટિવિટી.

- કોલેજમાં તમામ વિભાગો, તમામ લેબોરેટરી લાયબ્રેરી તથા કાર્યાલયમાં ઈન્ટરનેટ કનેક્ટિવિટી મળે રહે તેવી વ્યવસ્થા કરવા કાર્યાલય કક્ષાએથી પત્ર વ્યવહાર કરવો.

૪. આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૧૩ નાં પ્રવેશ અંગે તથા ટાઇમ ટેબલ અંગે.

- આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૧૩ માટે પ્રવેશ કમિટી બનાવી પ્રવેશ પ્રક્રિયા કરવી તથા ટાઇમ ટેબલ માટે સીનીયર પ્રાધ્યાપકને જવાબદારી સોંપી ટાઇમ ટેબલ તૈયાર કરવું.

ઉપરોક્ત મુદ્દાઓની ચર્ચા કરી નિર્ણયો કરી ચેરમેન દ્વારા મીટીંગ બરખાસ્ત કરવાની સુચના મળતાં મીટીંગ બરખાસ્ત કરી.

કોર્ડીનેટર
આઈકયુએસી કમિટી
બહાઉદ્દીન વિજ્ઞાન કોલેજ
જુનાગઢ

**નકલ જાણ તથા અમલાર્થે:**

૧. તમામ સદસ્યશ્રી આ કમિટી તરફ.
૨. વડાશ્રી ભૌતિક શાસ્ત્ર/રસાયણ શાસ્ત્ર/બાયોલોજી/ગણિત શાસ્ત્ર
૩. મહેકમ શાખા- આ કોલેજ
૪. હિસાબી શાખા- આ કોલેજ
૫. ગ્રંથપાલશ્રી- આ કોલેજ
૬. આઈકયુએસી કમિટી ફાઈલે